# કોંગ્રેસના અધ્યક્ષ પદેથી રાહુલનું રાજીનામુ

**હું હવે કોંગ્રેસ અધ્યક્ષ નથી, જલદીથી ચૂંટણી થવી જોઈએ, પાર્ટીની સેવા કરવી મારા માટે ગર્વનો વિષય, પાર્ટીની નીતિઓ અને સિદ્ધાંતોથી દેશનો વિકાસ થયો છે : ચાર પાનાનો પત્ર લખીને કોંગ્રેસ અધ્યક્ષપદેથી રાજીનામુ આપ્યું : ભાજપ અને સંસ્થાઓ ઉપર રાહુલ ગાંધીના આકરા પ્રહારો : પાર્ટીમાં પ્રાણ ફૂંકવા કડક પગલા લેવા પડશે : સંઘનું સંસ્થાઓ પર કબજા માટે સપનુ પૂર્ણ**

નવીદિલ્હી, તા. ૩
કોંગ્રેસ પાર્ટીમાં નેતૃત્વને લઈને



ચાલી રહેલી અટકળો પર રાહુલ ગાંધીએ આખરે પૂર્ણવિરામ મુકી દીધો છે. રાહુલ ગાંધીએ ચાર પાનામાં પત્ર લખીને કોંગ્રેસ અધ્યક્ષ પદેથી રાજીનામુ આપી દીધું છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે, કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ તરીકે કામ કરવાની બાબત તેના માટે સૌથી મોટા સન્માન તરીકે છે. રાહુલ ગાંધીએ પોતાના પત્રમાં એમ પણ કહ્યું છે કે, પાર્ટીમાં નવા પ્રાણ ફૂંકવા માટે કેટલાક કઠોર પગલા લેવા પડશે. પોતાના પત્રમાં રાહુલ ગાંધીએ કહ્યું છે કે, કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ તરીકે ૨૦૧૯ની ચૂંટણીમાં મળેલી હાર માટે તેઓ જવાબદારી સ્વીકારે છે. અમારી પાર્ટીના ભાવિ માટે જવાબદારી ખુબ જરૂરી છે. આજ કારણસર કોંગ્રેસના પ્રમુખ પદેથી રાજીનામુ આપી દીધું છે. પાર્ટીને ફરીથી બેઠી કરવા માટે કઠોર નિર્ણય લેવા પડશે. ઘણા બધા લોકોને જવાબદાર ઠેરવવાની જરૂર છે. આવી સ્થિતિમાં આ બિલકુલ પણ યોગ્ય નથી કે, તેઓ બીજા લોકોને જવાબદાર ઠેરવી રહ્યા છે. પાર્ટી અધ્યક્ષ તરીકે પોતાની જવાબદારીને તેઓ અદા કરતા આવ્યા છે. રાહુલ ગાંધીએ લખ્યું છે કે, પાર્ટીમાં ઘણા બધા સાથીઓએ એવું સૂચન કર્યું હતું કે, આગામી પાર્ટી અધ્યક્ષના નામનો ઉલ્લેખ કરે જ્યારે જરૂરી બાબત એ છે કે, કોઈ નવી વ્યક્તિ પાર્ટીનું નેતૃત્વ કરે. પાર્ટી યોગ્ય નિર્ણય લેશે. રાહુલ ગાંધીએ વહેલીતકે નવા અધ્યક્ષને ચૂંટી કાઢવા સૂચના આપી છે. તેમણે કહ્યું છે કે, રાજીનામુ આપ્યા બાદ સાથીઓને તેમની સલાહ છે કે, આગામી અધ્યક્ષની ચૂંટણી વહેલીતકે કરવામાં આવે. તેઓ આ અંગે મંજુરી આપી ચુક્યા છે. રાહુલ ગાંધીનું કહેવું છે કે, તેમની લડાઈ ક્યારે પણ સત્તા માટે સામાન્ય લડાઈ રહી નથી. તેમના મનમાં ભાજપની સામે પણ કોઈ નફરત નથી પરંતુ તેમના શરીરના એકએક અંગ ભાજપની વિચારધારાનો વિરોધ કરે છે. આ લડાઈ આજની નથી વર્ષોની લડાઈ છે. ભાજપના લોકો અલગરીતે જુએ છે જ્યારે તેઓ સમાનતા જુએ છે. ભાજપના લોકો નફરત નિહાળે છે પરંતુ તેઓ પ્રેમ નિહાળે છે. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું છે કે, તેઓ આ યુદ્ધમાંથી પીછેહઠ કરી રહ્યા નથી. કોંગ્રેસ પાર્ટીના એક સાચા સિપાહી અને ભારતના સમર્પિત પુત્ર તરીકે છે. અંતિમ શ્વાસ સુધી પાર્ટીની સેવા કરશે.

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, અમે મજબૂત અને સન્માનજનકરીતે ચૂંટણી લડવા આગળ આવ્યા હતા. ચૂંટણી અભિયાન વેળા ભાઈચારા, સહિષ્ણુતા અને દેશના તમામ લોકોને સાથે લઈને ચાલવાની વાત કરવામાં આવી હતી. રાહુલ ગાંધીએ કહ્યું છે કે, એક સ્વતંત્ર ચૂંટણી માટે તમામ સંસ્થાઓ નિષ્પક્ષ રહે તે જરૂરી છે.

# મોતીલાલ વોરા કોંગ્રેસ પાર્ટીના વચગાળાના પ્રમુખ તરીકે રહેશે

**સોનિયા ગાંધીના ખુબ નજીકના વિશ્વાસુ રહ્યા છે : મધ્યપ્રદેશના મુખ્યમંત્રી અને રાજ્યપાલ રહી ચુક્યા છે**

નવીદિલ્હી, તા. ૩
રાહુલ ગાંધીના રાજીનામા બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ગાંધી પરિવારના નજીકના સાથી મોતીલાલ વોરાને પાર્ટીના અધ્યક્ષ બનાવવામાં આવી શકે છે. પાર્ટીના વચગાળાના અધ્યક્ષ બનાવવામાં આવી શકે છે. નવા અધ્યક્ષની નિમણૂંક સુધી વોરા આ હોદ્દા ઉપર રહેશે. અલબત્ત પાર્ટીના વચગાળાના અધ્યક્ષ બનાવવાના અહેવાલ અંગે પૂછવામાં આવતા મોતીલાલ વોરાએ આ અંગે કોઈ માહિતી હોવાનો ઈન્કાર કર્યો હતો. મોતીલાલ વોરા મધ્યપ્રદેશના મુખ્યમંત્રી અને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ રહ્યા છે. યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધીના સૌથી નજીકના વ્યક્તિ તરીકે તેમની ગણતરી કરવામાં આવે છે. પાર્ટીના તમામ મોટા નિર્ણયોમાં તેઓ સામેલ રહ્યા છે. રાજ્યસભા સાંસદ મોતીલાલ વોરા હાલમાં કોંગ્રેસ પાર્ટીના મહાસચિવ પદ ઉપર રહેલા છે. રાહુલ ગાંધીએ આજે બપોરે ચાર પાનાનો પત્ર લખીને



કોંગ્રેસના અધ્યક્ષપદેથી રાજીનામુ આપી દેવાના નિર્ણયની સત્તાવાર જાહેરાત કરી હતી. હારની જવાબદારી રાહુલ ગાંધીએ સ્વીકારી હતી. રાહુલ ગાંધીએ ટ્વિટર પર પોતાની પ્રોફાઈલ પણ બદલી નાંખી છે. રાહુલે સભ્ય તરીકે ગણાવ્યા છે.

# અમિત શાહ દ્વારા ઈન્કમટેક્ષ ઓવરબ્રિજનું લોકાર્પણ

**મુખ્યમંત્રી રૂપાણી સહિતના મહાનુભાવો હાજર રહ્યા : મારા લગ્ન આ ડીકે પટેલ હોલમાં થયા હતા : ધારાસભ્ય હતો ત્યારે ભૂમિપૂજન-આજે મારી ઉપસ્થિતિમાં લોકાર્પણ**





અમદાવાદ,તા.૩
ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઈન્કમટેક્સ સર્કલ પર બાંધવામાં આવેલા ઓવરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જ્યાં બ્રિજના બંને છેડે પક્ષના કાર્યકરો અને ભાજપના નેતાઓ દ્વારા તેમનું અભિવાદન કરાયુ હતું. ત્યારબાદ તેમણે ઈન્કમટેક્સ કચેરી પાછળ આવેલા દિનેશ હોલમાં યોજાયેલા કાર્યક્રમમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નારણપુરા ખાતે બાંધવામાં આવેલા સ્વ. ડી.કે.પટેલ કોમ્યુનિટી હોલ અને મ્યુનિસિપલ લાઈબ્રેરીનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે અમિત શાહે પોતાની જૂની યાદો વાગોળતાં જણાવ્યું હતું કે, મારા લગ્ન આ ડી. કે. પટેલ હોલમાં જ થયા હતા, ધારાસભ્ય હતો ત્યારે ભૂમિપૂજન અને આજે મારી ઉપસ્થિતિમાં લોકાર્પણ કરાયુ તે મારા માટે આનંદ અને ખુશીની વાત છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ કેન્દ્રીય ગૃહપ્રધાન બાદ સૌપ્રથમવાર અહીં તા.૩ અને ૪ જુલાઈ એમ બે દિવસના ગુજરાત પ્રવાસે છે. જેને પગલે આજે અમિત શાહ અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. જ્યાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, મંત્રીઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આર.સી.ફળદુ અને સૌરભ પટેલે તેમનું સ્વાગત કર્યું હતું. તેમની સાથે સાથે કાર્યકરો અને ભાજપના આગેવાનોએ પણ તેમને આવકાર્યા હતા. ત્યારબાદ અમિત શાહ શહેરના ઈન્કમટેક્સ સર્કલ પર બાંધવામાં આવેલા ઓવરબ્રિજનું લોકાર્પણ કરવા માટે પહોંચ્યા હતા. રસ્તામાં શાહનું ભાજપના કાર્યકરો અને સ્થાનિક જનતા દ્વારા પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. ઈન્કટેક્સ બ્રીજનું લોકાર્પણ કર્યું ત્યારબાદ સ્થાનિક લોકો અને શહેરીજનોમાં ખુશીની લાગણી પ્રસરી હતી કારણ કે, આ બ્રીજના લોકાર્પણના લીધે ઈન્કમટેક્સ ખાતે ટ્રાફિકની સમસ્યા હળવી બનશે. ઈન્કમટેક્સ બ્રીજના લોકાર્પણ બાદ તેઓ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નારણપુરા ખાતે બાંધવામાં આવેલા સ્વ. ડી.કે.પટેલ કોમ્યુનિટી હોલ અને મ્યુનિસિપલ લાઈબ્રેરીનું લોકાર્પણ કરવા પહોંચ્યા હતા.

# આજે અમદાવાદમાં ભવ્ય રથયાત્રા

**લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન કરવા ઉત્સુક : અમદાવાદમાં જુદા જુદા રૂટ પર ભગવાના સ્વાગત માટે શ્રદ્ધાળુઓ ઉત્સાહિત ૧૯ ગજરાજ, ૧૦૧ ટ્રક, ૩૦ અખાડા અને ૧૮ ભજનમંડળી મુખ્ય આકર્ષણ**

અમદાવાદ, તા.૩
જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ભગવાન જગન્નાથની રથયાત્રા આવતીકાલે અમદાવાદ શહેરમાં ભારે હર્ષોલ્લાસ અને ભકિતભાવ વચ્ચ પરંપરાગત રૂટ પર નિકળનાર છે. ૧૪૨ રથયાત્રાને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. આ વખતે ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ભારતીય અખાડા પરિષદના મોટા સંતો-મહંતો અને કુંભમેળાના સાધુ-સંતો હાજરી બહુ નોંધનીય બની રહેશે. તો આ વર્ષે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામ માટે બનારસ, વૃંદાવન, અયોધ્યા સહિતના પવિત્ર સ્થળોએથી સુંદર અંલકારિક વસ્ત્રો, પાઘડી અને તેને અનુરૂપ વાઘા-વસ્ત્રો અને સાજ શણગાર તૈયાર કરાયા છે. આ વખતે ભગવાન રજવાડી વેશમાં નગરજનોને દર્શન આપશે, જેને લઈને ભકતોમાં અત્યારથી જ ભારે ઉત્સાહ અને ઈન્તેજારી જોવા મળી રહ્યા છે. આવતીકાલે રથયાત્રાના દિવસે સવારે ચાર વાગ્યે મંગળાઆરતીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ખાસ હાજર રહેશે, જયારે સાત અને ભકિતનો માહોલ જોવા મળી રહ્યો છે. ભારતીય લોક સંસ્કૃતિનું રથયાત્રા સર્વોચ્ચ પ્રતીક છે. ૧૫૦૦ જેટલા ખલાસી ભાઈઓ રથ ખેંચતા રહેશે. આ રથયાત્રામાં ભાગ લેવા દેશભરમાંથી યોજાશે. એ પછી ભગવાનના આંખે બાંધેલા પાટા ખોલવાની શાસ્ત્રોક્ત વિધિ બાદ ૫-૪૫ કલાકે ભગવાન





વાગ્યે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે પહિંદવિધિ બાદ તેઓ રથ ખેંચી રથયાત્રાનું પ્રસ્થાન કરાવશે. રથયાત્રાનો આ એક જ દિવસ એવો હોય છે જેમાં ખુદ જગતનો નાથ નગરચર્યાએ નીકળી તેના ભકતોને ઘેરબેઠા દર્શન આપે છે. રથયાત્રાને લઈ શહેરભરમાં ભારે હર્ષોલ્લાસ

રથયાત્રાના અગ્રભાગમાં ૧૯ શણગારેલા ગજરાજો, ત્યારપછી ૧૦૧ ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ટ્રકો, અંગ કસરતના પ્રયોગો સાથે ૩૦ અખાડા, ૧૮ ભજનમંડળીઓ સાથે ત્રણ બેન્ડબાજાવાળા આકર્ષણનું કેન્દ્ર બનશે. સાધુ-સંતો, શ્રધ્ધાળુ ભકતો સાથે ૧૨૦૦થી ૨૦૦૦થી વધુ સાધુ-સંતો હરિદ્વાર, અયોધ્યા, નાસિક, ઉજજૈન, જગન્નાથપુરી અને સૌરાષ્ટ્ર સહિતના સ્થાનોએથી પધારશે.

રથયાત્રાના દિવસે તા.૪થી જૂલાઈએ વહેલી સવારે ૪-૦૦ વાગ્યે ભગવાનની મંગળાઆરતી કરાશે, ત્યારબાદ આદિવાસી નૃત્ય અને રાસગરબાનો પરંપરાગત કાર્યક્રમ જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામને ત્રણેય રથોમાં સવાર કરાશે. સવારે ૭-૦૦ વાગ્યે પહિંદવિધિ બાદ રથયાત્રાનો શુભારંભ થશે. રથયાત્રાના દિવસે વહેલી સવારે ભગવાનને વિશિષ્ટ ભોગ ધરાવાય છે, જેમાં પરંપરા મુજબ, ખીચડી, કોળા-ગવારફળીનું શાક અને દહીં હોય છે.

# રાજયસભા ચૂંટણી અંગે કોંગ્રેસ પાર્ટી દ્વારા અપાયેલો વ્હીપ

**અલ્પેશ-ધવલસિંહ કોને મત આપશે તેના પર નજર : કોંગ્રેસે અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલા ઘરે હાજર નહી હોવાથી તેમના ઘરની બહાર વ્હીપ આદેશ ચોંટાડાયો**

અમદાવાદ,તા.૩
ગુજરાતમાં તા.૫ મી જૂલાઈના રોજ યોજાનારી રાજયસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસમાં ઉથલ પાથલ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસે રાજયસભાની ચૂંટણીને લઈ મતદાન અંગે પોતાના હેડક્વાર્ટરથી પક્ષના તમામ ધારાસભ્યોને વ્હીપ આપવાનું શરૂ કર્યું છે. કોંગ્રેસના ધારાસભ્યોએ પક્ષ દ્વારા અપાયેલા વ્હીપ મુજબ રાજયસભાની ચૂંટણીમાં મતદાન કરવુ પડશે. બીજીબાજુ, કોંગ્રેસના દંડક અશ્વિન કોટવાલ, સી.જે.ચાવડા, ગેની બહેન ઠાકોર, અને બળદેવજી ઠાકોર સહિતના નેતાઓ પક્ષનો વ્હીપ આપવા એમએલએ ક્વાર્ટરમાં અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાના ઘરે પહોંચ્યા હતા. પરંતુ અલ્પેશ ઠાકોર ઘરે હાજર ન હોવાથી તેમના નિવાસસ્થાનની બહાર વ્હીપ લગાવી દેવામાં આવ્યું હતું. કોંગ્રેસમાંથી ચૂંટાયેલા રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલા જો વ્હીપનો અનાદર કરીને ભાજપના ઉમેદવારને મત આપે તો છ વર્ષ માટે તે ગેરલાયક ઠરશે. તો, આજે બપોર પછી કોંગ્રેસ રાજયસભાના મતદાન પૂર્વે ધારાસભ્યો તૂટવાના ડરે તમામ ધારાસભ્યોને લઈ પાલનપુર ખાતેના રિસોર્ટમાં પહોંચી હતો. જો કે આ ધારાસભ્યો સાથે અલ્પેશ ઠાકોર જોડાયા ન હતા. તેથી હવે કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર અલ્પેશ ઠાકોર તેમ જ તેના સાથી ધવલસિંહ રાજયસભાની ચૂંટણીમાં કોને મત આપે છે, તેની પર સૌની નજર મંડાઈ છે.



**ખેડબ્રહ્માના રિક્ષાચાલકની ઈમાનદારી**

ખેડબ્રહ્મામાં એક રિક્ષાચાલકે પોતાને મળેલ દાગીના અને રોકડ ભરેલુ પર્સ મહિલાને પરત કરી ઈમાનદારીની મહેક પ્રસરાવી હતી. ખેડબ્રહ્મામાં પુનાથી આવેલા શોભાબેન વિનોદભાઈ રાવલ પોતાના બહેનના ઘરે હતા અને મંગળવાર સાંજના બજારમાં ખરીદી કરવા ગયા હતા પરંતુ તેમનું પર્સ રસ્તામાં પડી ગયું હતું જે પર્સ ખેડબ્રહ્માના રીક્ષાચાલક જગદીશભાઈ ઓડને મળ્યું હતું જેમાં સોનાના દાગીના રોકડ રકમ અને મોબાઈલ સહિત એક લાખ જેટલો સરસામાન હતો જે જગદીશભાઈએ પોતાની પાસે રાખી શોધખોળ કરતી મહિલાને મળી પરત કરી ઈમાનદારીભર્યુ કામ કર્યું.

# ગુજરાતમાં ઈ-સિગારેટ પર પ્રતિબંધ મૂકતું બિલ પસાર

અમદાવાદ, તા.૩
ગુજરાત સરકાર દ્વારા આજે વિધાનસભા ગૃહમાં એક મહત્વના નિર્ણય મારફતે સિગરેટ એન્ડ અધર ટોબેકો પ્રોડકટસ એક્ટ (કોટ્પા-૨૦૦૩) કાયદામાં સુધારો કરીને વિધેયક પસાર કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતમાં ઈ-સિગરેટ પર પ્રતિબંધ મુકવાની જોગવાઈ કરવામાં આવી છે. કોટ્પા કાયદામાં સુધારો કરીને હુક્કાબારને પ્રતિબંધિત કરીને ૩ વર્ષ સુધીની કેદની સજા અને રૂા. ૫૦૦૦૦ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

આરોગ્ય માટે જોખમી ઈ-સિગારેટ (ઈલેકટ્રોનિક નિકોટીન ડિલીવરી સીસ્ટમ (ઈએનડીએસ) કે જે સામાન્ય રીતે ઈ-સિગારેટ તરીકે ઓળખાય છે. તેના ઉત્પાદન, આયાત, જાહેરાત અને વ્યાપાર, વિતરણ, વેચાણ (ઓનલાઈન સહિત) ઉપર ગુજરાતમાં પ્રતિબંધ મુકવા કોટ્પા સુધારા વિધેયક રજૂ કરવામાં આવ્યું હતું. ભારતના ૧૨ રાજ્યો તથા વિશ્વના ૩૦થી વધુ દેશોમાં ઈ-સિગારેટ ઉપર ઠરાવ કરીને પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, પરંતુ ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે કે જ્યાં ઈ-સિગારેટ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રાજ્યનું યુવાધન આ નવા પ્રકારના જોખમી વ્યસનની લતના રવાડે ન ચઢે તે માટે રાજ્ય સરકારે મૂળ કોટપા-૨૦૦૩ના કાયદામાં સુધારો કરી હવેથી ઈ-સિગારેટના ઉત્પાદન, આયાત, જાહેરાત અને વેચાણ, (ઓનલાઈન સહિત) વિતરણ, વ્યાપાર, આયાત ઉપર પ્રતિબંધ મુકવા સુધારા વિધેયક રજૂ કરાયું હતું.

## મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલુ

બાજુમાં રોહિણી કુંડ છે. અહીં સતી માતાની નાભિ પડી હોવાનું કહેવાય છે. હનુમાનજી અને ગણેશજીના મંદિરો છે. આપણા સોમનાથ મહાદેવનું મંદિર પણ છે. એક મહાલક્ષ્મીજીનુંમંદિર છે. ભગવાન જગન્નાથજીનું નૈવેદ અહીં તૈયાર થઈને જાય છે. આ બધા મંદિરોમાં દરરોજ પૂજાપાઠ થાય છે. સર્વેના દર્શન કરતાં કરતાં ભગવાન જગન્નાથજીની પ્રદિક્ષણા પણ થઈ જાય છે. એટલું મોટુ કોમ્પ્લેક્ષ છે અને એટલા બધાં મંદિર છે કે કાચોપોચો માણસ તો આટલું ચાલી જ ના શકે. સારું થયું કે મારી ધર્મપત્નિ અહીં આવી નહીં. આવી હોત તો એનું શું થાત એની હું કલ્પના કરી શકતો નથી.

મંદિરના પરિસરમાં જગન્નાથજીનો મુખ્ય પ્રસાદ એટલે કે રાંધેલા ભાતના હાંડલા ઊંચકીને જતાં માણસો તમને ઠેર ઠેર જોવા મળશે. ગમે ત્યાં જાવ તમને બેચાર હાંડલાવાળા સામા મળ્યા વગર ના રહે. આ ભાત રાંધવાની પ્રક્રિયા રસપ્રદ છે. એક પછી એક સાત હાંડલા પિરામીડની જેમ ગોઠવવામાં આવે છે. એવું કહેવાય છે કે સહુથી પહેલો ભાત છેક ઉપરના હાંડલાનો પાકી જાય છે. આવા આવા અહીં ઘણા ચમત્કાર થાય છે. મંદિરની ધજા પવનની અવળી દિશામાં ફરકે છે. મંદિરના શિખર આજુબાજુ કોઈ પક્ષી ઉડી શકતું નથી. (જો કે અમે ત્રણ પક્ષી ત્યાં ઉડતા દીઠેલાં) મંદિરના પરિસરમાં સમુદ્રનો અવાજ આવતો નથી.આમ ઘણા ચમત્કાર ભગવાન જગન્નાથજીના નામે લખાયેલા છે.

હું જ્યારે ઘેરથી પ્રવાસે નીકળવાની તૈયારી કરતો હતો ત્યારે મારા બે પાડોશીઓએ મને સો સો રૂપિયા જગન્નાથજીના મંદિરમાં મૂકવા આપ્યા હતા. તે યાદ રાખી જ્યાં પ્રસાદ મળતો હતો ત્યાં અમે ગયા. લઘુત્તમ ૧૫૧ રૂપિયા વ્યવસ્થાપક સ્વીકારતો હતો. મેં મારા ૧૫૨ ઉમેરી કુલ ૩૦૨ ની પહોંચ લીધી. નાણાં સ્વીકારનારે એની પાસે અસંખ્ય પ્રસાદના ખોખાં ભરેલાં પડ્યા હતાં છતાં અમને બીજે ધકેલ્યા. શ્રી બાબુસિંહનો કેસ અને મારો કેસ સરખો હતો. બીજા વ્યવસ્થાપકે વળી ત્રીજા પાસે ધકેલ્યા. આમ અમારે તો બીજીવાર મંદિરની પ્રદિક્ષણા થઈ ગઈ. એણે વળી ચોથા જોડે મોકલ્યા.ચોથી ઓફિસમાં એક ભાઈ સારા હશે તે પ્રસાદ અપાવવા અમારી સાથે આવ્યા. જ્યાં અમે પૈસા જમા કરાવીને પહોંચ લીધી હતી ત્યાંજ આવ્યા. આ વખતે પેલાએ તરત અમને પ્રસાદના ખોખાં આપ્યાં. આથી બાબુસિંહ ખરેખરા બગડ્યા. " તમારે જ અમને પ્રસાદ આપવાનો હતો તો અમને બીજે શું કામ ધક્કા ખવડાવ્યા ? " બાબુસિંહની વાત એકદમ સાચી હતી. પણ વ્યવસ્થાપક એકદમ નફ્ફટ હતો. "અરે, એ વખતે મારી પાસે પ્રસાદ ન હતો. " એવું એણે જ્યારે કહ્યું ત્યારે મને થયું, શું ખરેખર ભગવાન હશે ? જો હોય તો આ જૂઠ્ઠુ બોલનારને એનો સહેજે ડર કેમ નહીં લાગતો હોય ? હું અને બાબુસિંહ ધૂવાંપૂવાં થતા બહાર આવ્યા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ